
**વડીલોને વંદન**
**અભિનંદન**



અમરીશ ભેનતરાય વ્યાસ
(૧૯૫૧)ફોનઃ૨૩૨૬૧૭૭૧



મોહનભાઈ કે. સિનોલ
(૧૯૪૪)ફોનઃ૯૪૨૭૭૧૨૩૩૩


## રેલ્વે બજેટ નિરાશાજનક : ભાજપ

અમદાવાદ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના સાંસદ મનસુખભાઈ માંડવીયા અને સીઆર પાટીલે કેન્દ્ર દ્વારા રજુ કરાયેલા રેલ્વે બજેટને નિરાશાજનક અને વિચારવિહીન ગણાવી કેન્દ્ર સરકાર દ્વારા મોટી જાહેરાતો કરવામાં શરૂ પણ અમલીકરણમાં ઠાગાઠૈયા કરવાની પરંપરા ચાલુ હોવાનું આ બજેટ પ્રસ્થાપિત કરે છે. તેઓએ ગત વર્ષોના કેન્દ્રના રેલ્વે બજેટમાં ગુજરાત અંગેની જોગવાઈઓ જેમ કે, અમદાવાદ ખાતે નીર બોટલીંગ પ્લાન્ટ નાખવો, કચ્છ ખાતે રેલ્વે કોચની ફેક્ટરી બનાવવી જેવા કામો માત્ર કાગળ પર હોવાનું જણાવી રેલ્વે દ્વારા નૂર ભાડામાં એક સૂત્રતા તેમજ રેલ્વેની ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારવાના વાયદા હવામાં ઓગળી ગયા છે. રેલ્વેની અઢળક સંપત્તિના ઉપયોગ અંગે ઉદાસીન વલણ દાખવી રેલ્વે મંત્રાલયને આર્થિક સંકળામણો વેઠવી પડે તેવી સ્થિતિ ઉભી કરી છે.



# અંબાજી ખાતે મહાઉત્સવમાં લાખો માઈભક્તો ઉમટ્યા



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ગબ્બર પર્વતની આજુબાજુ નિર્માણ થયેલ દર્શન પરિક્રમા પથ ઉપર બનાવેલ છે તેની ઉજવણી થઈ રહી છે. દેશ-વિદેશમાં આવેલાં માતાજીના ૫૧ શકિતપીઠોના -ાણ -તિષ્ઠા મહોત્સવની ભવ્યતાથી ઉજવણી થઈ રહી છે. દેશ-વિદેશમાં આવેલાં માતાજીના ૫૧ શકિતપીઠોના મૂળ મંદિરો જેવા જ મંદિરો અંબાજી ખાતે રૂ. ૬૦ કરોડના ખર્ચથી બનાવાયા છે. -ાણ -તિષ્ઠા મહોત્સવમાં દેશભરમાંથી આવેલા ૪૦૦ જેટલા વિદ્વાન પંડિતોના હસ્તે શાસ્ત્રોકત નિયમો -માણે -તિષ્ઠા વિધિ કરવામાં આવે છે. છેલ્લા એક દસકામાં જ અંબાજી મુકામે યાત્રીકોની સુવિધા માટે સંખ્યાબંધ વિકાસકામો થવાથી યાત્રીકોની સંખ્યામાં વિક્રમજનક વધારો થયો છે.

# કેશુબાપા હવે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપશે

### મતવિસ્તાર વિસાવદરમાં કેશુભાઈએ જાહેરાત કરી : પુત્ર ભરત પટેલ માટે માર્ગ મોકળો કરી આપવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૨

ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે આજે તેમના મતવિસ્તાર ભેંસાણ, વિસાવદર ખાતે કાર્યકરો તથા અગ્રણીઓની મુલાકાત લઈ તેમના સ્વાસ્થ્યનું કારણ આગળ ધરી ધારાસભ્ય તરીકે રાજીનામુ આપવાની રજા માંગી હતી. કેશુભાઈ પટેલ તેમના પુત્ર ભરત માટે આ બેઠક ખાલી કરી રહ્યા હોવાની જોરદાર અટકળોથી રાજકીય વાતાવરણ વધુ ઉગ્ર બન્યું છે. કેશુભાઈના પુત્ર ભરત પટેલ હજુ થોડા સમય પહેલા જ ભાજપમાં જોડાયા છે અને ત્યારબાદ કેશુભાઈએ ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખપદેથી રાજીનામુ આપી રાજકીય નીરિક્ષકોને વિચારતા કરી દીધા હતા. કેશુભાઈએ ધારણા મુજબ આજે ધારાસભ્યપદેથી તેમના રાજીનામાની જાહેરાતથી ભરત પટેલનો માર્ગ મોકળો થયો છે અને કેશુભાઈના રાજીનામાને કારણે ખાલી પડનારી બેઠક પરથી ભરત પટેલ જ ભાજપની ટિકીટ પર પેટાચૂંટણી લડશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. આ તબક્કે તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ભાજપમાંથી ભરત પટેલને ટિકીટ મળશે તો હું પિતા તરીકે તેના પ્રચાર માટે મેદાનમાં ઉતરીશ.

## જિલ્લાના ચારેય તાલુકામાં આજથી તાલુકા પ્રા. શિક્ષણાધિકારી કચેરી કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજથી તાલુકા શિક્ષણાધિકારીઓની કચેરી કાર્યરત કરી દેવામાં આવશે. આ માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણુંકના હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણના સત્તાવાર સાધનોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના શિક્ષણ વિભાગે આ કચેરીઓ કાર્યરત કરવા માટેના કરાયેલા હુકમોને પગલે આ નિમણુંક કરાઈ છે. જેમાં ગાંધીનગર તાલુકા માટે શ્રી સંજયભાઈ પરમાર, કલોલ માટે શ્રી હિમાંશુભાઈ પટેલ, દહેગામ માટે શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને માણસા માટે શ્રી ગુણવંતભાઈ પરમારની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે નિમણુંકો કરાઈ છે.

આ કચેરીઓ કાર્યરત થતાં જ તાલુકા કક્ષાએ હવે શિક્ષણ વિસ્તૃતીકરણની દિશામાં મહત્વના કાર્યો થશે. આ કચેરીઓ કાર્યરત થતાં જ તાલુકાના શિક્ષકોને હવે તેમના કામો માટે જિલ્લા કચેરી ખાતે આવવાનું રહેશે નહિ.

આ કચેરીઓ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લામાં શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા ઉપરાંત શિક્ષણ સુધારણા અભિયાનને નવી દિશા આપશે.

શિક્ષકોના પ્રશ્નો ખાસ કરીને ઉચ્ચત્તર પગારધોરણ,રજાના પ્રશ્નો, તેમજ પરીક્ષાલક્ષી કામગીરી સહિતની બાબતોનું મોનીટરીંગ કરશે. કેન્દ્ર સરકારની નૃપા સંસ્થાએ આપેલ અહેવાલનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો હતો અને તે અહેવાલની ભલામણને પગલે આ કચેરીઓ કાર્યરત કરવામાં આવી રહી છે તે ઉલ્લેખનીય છે.

# ચાય પે ચર્ચા કાર્યક્રમનો જુદી જુદી જગ્યા પર પ્રારંભ

અમદાવાદ,તા.૧૨

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે ભાજપના ચાય પે ચર્ચા કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. ચ્હાની કિટલી પર બેસતા સામાન્ય લોકો સાથે સીધીરીતે વાતચીત કરવાના ભાગરૂપે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. મોદીએ પણ ઉત્સહપૂર્વક આમાં ભાગ લીધો હતો. મોદીએ સીધી રીતે લોકો સાથે વાતચીત કરતા લોકોમાં પણ ઉત્સાહ વધ્યો હતો. ડીટીએચ, સોશિયલ મિડિયાના માધ્યમથી ચ્હાની કિટલી પર ચર્ચા અને સંવાદમાં મુખ્યમંત્રી જોડાયા છે. આજે અમદાવાદમાં સાત અને ગાંધીનગરમાં પાંચ સ્થળોએ ચાય પે ચર્ચા કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. માત્ર ગુજરાતના શહેરો નહીં બલકે દેશના ૩૦૦ શહેરના ૧૦૦૦ સ્થળો પર મોદી ચાય પે ચર્ચા કાર્યક્રમ શરૂ થયો છે. મોદીએ ચ્હાની ચુસ્કી સાથે આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યા બાદ ૧૦૦૦ કિટલી પર ઉપસ્થિત સામાન્ય લોકોને વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યુ હતુ. બધાનું સ્વાગત પણ કર્યુ હતુ. ૧૦ થી ૧૨ ચરણમાં યોજાનારા ચાય પે ચર્ચા કાર્યક્રમમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત રાષ્ટ્રીય અગ્રણીઓ વિવિધ સ્થળોએ ભાગ લેશે. આ અભિયાન દરમિયાન લગભગ દેશના બે કરોડ લોકો સાથે સીધો સંવાદનો સેતુ સ્થાપિત થશે. ગુજરાતમાં ૨૨ શહેરોના કુલ ૬૧ સ્થાનો પર આ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદના ૭ અને ગાંધીનગરના ૫ સ્થાનોનો સમાવેશ થાય છે. સમગ્ર દેશના વિવિદ ભૌગોલિક ભાગમાં યોજાનારા આ કાર્યક્રમમાં જોડાવા માટે ફોનના માધ્યમથી ૦૭૮૭૮૭૮૨૦૧૪ તથા CPC <Pincode> સંદેશો એસએમએસ કરવાથી તથા www.indiancag.org / chaipecharcha વેબસાઈટના માધ્યમથી ઉપલબ્ધ બનાવવામાં આવ્યા છે. મોદીના આ કાર્યક્રમને લઈને સામાન્ય લોકોમાં પણ ભારે ઉત્સુકતા અને ચર્ચા રહી છે.

# લોકસભાની ચૂંટણીના સંદર્ભે મહિલા કોંગીનો પ્લાન તૈયાર

અમદાવાદ, તા.૧૨

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ સોનલબેન પટેલે આગામી લોકસભાને અનુલક્ષીને મહિલા કોંગ્રેસની સભ્ય નોંધણી અસરકારક તાલીમબદ્ધ સંગઠન અને એક્શન પ્લાનની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, મહિલા કોંગ્રેસ દરેક લોકસભાની સીટ વાઈઝ ૧૦થી ૧૫ બહેનોની ટીમ તૈયાર કરી કોંગ્રેસની વિચારધારા, કાર્યક્રમોનું એક પ્રચાર અભિયાન સાથે ગુજરાત મહિલા કોંગ્રેસ સભ્ય નોંધણી ઝુંબેશ પણ શરૂ કરશે. સભ્ય નોંધણી સાથે સાથે મહિલાઓને મેમ્બરશીપ કાર્ડ પણ આપીને પક્ષમાં તેમની આગવી ઓળખ ઉભી થાય અને પ્રતિબધ્ધતાથી જોડવામાં આવશે. કોંગ્રેસ પક્ષની બહેનોને તાલીમ આપીને પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. દરેક લોકસભા સીટ દીઠ બે મહિલા ટીમો બનાવી રોજ ત્રણથી ચાર જીલ્લા પંચાયત સીટના વિસ્તારો આવરી લઈને લગભગ દરેક દિવસ આ અભિયાન ચાલુ રહેશે. દરેક લોકસભા વિસ્તારમાં લગભગ પાંચેક હજાર બહેનો આ પ્રચાર અભિયાનમાં જોડાય તે માટે ૧૦ દિવસની અંદર પ્રયત્ન કરવામાં આવશે, અને સાથે પ્રચારની સામગ્રી જેમ કે પત્રિકાઓ દ્વારા બીજી ૧૦હજાર બહેનો સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા યુપીએ સરકારે બહેનો માટે અમલમાં મુકેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન, સમજ આપવામાં આવશે. ભવિષ્યના પ્લાનની ચર્ચા કરવામાં આવશે. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાની સમજ આપવા અને સાંપ્રત વિષયોની ચર્ચા કરવા ગુજરાત મહિલા કોંગ્રેસે ઝોન વાઈઝ કાર્ય શિબિરો રાખી છે જેમાં દરેક જીલ્લાની મહિલા કોંગ્રેસની ટીમો ભાગ લેશે.

### પંચાયતની માંગ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્શાવવામાં આવી છે. આજે રજુ થયેલા સૂચિત બજેટમાં ૯૧.૮૦ કરોડની આવક સામે ૮૦.૪૬ કરોડના કામો અને ખર્ચ સૂચવવામાં આવેલ છે.

તાલુકા પંચાયતમાં આવકના સાધનો સિમીત હોવાથી નવી આવક મેળવવા પર ધ્યાન આપવામાં આવે તેવો આગ્રહ સભ્યો અને ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલે કર્યો હતો. ગાંધીનગર તાલુકા સિવાય કલોલ અને માણસાને સ્ટેમ્પડ્યુટીની આવકમાંથી હિસ્સો મળતો હોઈ આવો હિસ્સો ગાંધીનગર તાલુકાને પણ ફાળવવામાં આવે તેવી રજુઆત સાથે ઉચ્ચકક્ષાએ દરખાસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### લેબર બજેટમાં.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો કરવામાં આવ્યો હોઈ ગ્રામીણ કક્ષાએ રોજગારીની તકો વધુ ઉપલબ્ધ બનશે તેમજ વિકાસના કામોને પણ નવી દિશા પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ સેવવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૪૦થી વધુ રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે અને તે માર્ચ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ થશે. જિલ્લામાં ૨૦૧૮ સુધીમાં તમામ ગામોમાં રાજીવગાંધી સેવા કેન્દ્રો કાર્યરત બનાવાનો તંત્ર લક્ષ્યાંક રાખી રહ્યું છે. આ માટેની દરખાસ્તો પણ તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે.

### નિયતની જરૂર છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કીટલીને ફૂટપાથ પરની લોકસંસદનું નામ આપ્યું હતું. જ્યાં લોકો પોતાની અંગત સમસ્યાઓથી માંડીને સમાજ, દેશ અને દુનિયાભરની સમસ્યાઓ અને મુદ્દાઓ પર ખુલ્લા દિલથી ચર્ચા કરે છે.

નરેન્દ્ર મોદીને પુછાયેલા પ્રશ્નોમાં યુવાનોએ શિક્ષણ અને બેરોજગારીને લગતા પ્રશ્નો વિશેષ પુછ્યા હતા. આ ઉપરાંત લોકોએ કાળા નાણાં અને ભ્રષ્ટાચાર તેમજ સરકારની નીતિઓની નિષ્ફળતા જેવી સમસ્યાઓ બાબતે પણ પ્રશ્નો પુછ્યા હતા. કાળા નાણાં અંગેના સવાલ અંગે નરેન્દ્ર મોદીએ જવાબ આપતા કહ્યું હતું કે જો તેઓ વડાપ્રધાન બનશે તો વિદેશોમાં સંઘરાયેલું કાળુ નાણું પરત લાવશે અને તેમાંથી ૫ થી ૧૦ ટકા રકમ તેઓ ફિક્સ પગાર ધરાવતા અને પ્રમાણિક પણે નિયમિત ઈન્કમટેક્ષ ભરતા ટેક્સ પેયરોમાં સરખે હિસ્સે વહેંચશે. આ ઉપરાંત સરકારી નીતિઓ જાહેર થાય છે પરંતુ લોકોને તેનો લાભ મળતો નથી તે અંગેના જવાબમાં મોદીએ ગુજરાતના ગરીબ મેળાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સરકારે પોસ્ટમેનની જેમ લાભાર્થીઓ પાસે જવુ પડે જ્યારે અત્યારે લાભાર્થીઓ સરકારને યોજનાના લાભ લેવા માટે શોધે છે. સરકારી યોજનાની સફળતા માટે મોદીએ નીતિ કરતા નિયતની વધારે જરૂર જણાવી હતી. તેમણે કહ્યુંહતુ કે નીતિઓ બદલવાની જરૂર નથી પરંતુ યોજનાને કાગળ પરથી લાભાર્થીઓ સુધી પહોંચાડવાની નિયત માત્રની જરૂર છે.

ભાજપ દ્વારા સીએજીના નામથી સીટીઝન્સ ફોર એકાઉન્ટેબલ ગર્વનસ અંતર્ગત ચાય પે ચર્ચા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોલ, એસ.એમ.એસ. તેમજ વોટ્સએપ દ્વારા લોકોને જોડાવા નિમંત્રણ અપાયું હતું. ગાંધીનગરના સે. ૨૧માં શાકમાર્કેટમાં યોજાયેલી ચાય પે ચર્ચામાં માત્ર જોવા સાંભળવાની વ્યવસ્થા હતી પરંતુ સવાલ પુછવા માટેની ઓનલાઈન વ્યવસ્થા ન હોવાથી સમગ્ર કાર્યક્રમ અહી સ્પોન્સર્ડ લાઈવ પ્રસારણ જેવો બની ગયો હતો. જો કે દેશભરમાંથી પુછાતા સવાલોમાં પણ ગાંધીનગરના લોકોનું ઈન્વોલમેન્ટ ખૂબજ નહિવત જણાયું હતું. લાઈવ પ્રસારણ સાથે સતત પીરસાતી મફત ચા ને માણવા થોડા ઘણા લોકો અને ભાજપના કાર્યકરો સિવાય મોટાભાગની ખુરસીઓ ખાલી જોવા મળી હતી.

## શબ્દાવલી - ૫૩૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | ૭ | | | ■ |
| ૮ | ૯ | ■ | ૧૦ | | | ■ | ૧૧ |
| ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | ■ | ■ | |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | | |
| | ■ | ૧૯ | | | | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |

**આડી ચાવી**

૧. દુઃખી, ચિંતીત (૪)
૪. વાહન હાંકનાર, ચાલક(૩)
૬. જર્જરીત, જરીપુરાણું (૫)
૮. ખારાશવાળું તત્વ (૨)
૧૦. પારધી, શિકાર કરે તે (૩)
૧૨. ચોપગા પ્રાણીઓના પગના આંગળાની જગ્યાએ આખા કે ફાંટાવાળા નખ (૨)
૧૩. નાના છોડ (૨)
૧૪. કુંવારી કન્યા (૩)
૧૫. હાથે કાંતવાનું સાધન, રેંટીયા જેવું સાધન (૨)
૧૬. મળતાવડું (૫)
૧૯. લાભ કરે તેવું (૪)
૨૦. લક્ષણ, ગુણ, છાપ (૩)
૨૧. નાના બાળકની ઠેલણગાડી (૩)

**ઊભી ચાવી**

૧. કસોટી (૩)
૨. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૩. સંપૂણ, પુરેપુરૂં (૪)
૪. બુટની દોરી (૩)
૫. મક્કાની જાત્રા (૨)
૭. ઓડકાર (૩)
૯. રક્ષક, રખેવાળી કરનાર(૪)
૧૧. ખરાબકૃત્ય, પાપનું આચરણ (૫)
૧૪. કાબેલિયત, હોંશિયારી(૪)
૧૬. મિત્ર, દોસ્ત (૨)
૧૭. પેરાલીસીસ (૩)
૧૮. દોઝખ, જહન્નમ (૩)
૧૯. નુર, એક પ્રકારનું શુતર(૨)

### શબ્દાવલી ૫૩૧૧ના જવાબ

***આડી ચાવી :-*** (૧) ભરથાર (૪) ચિરાગ (૬) પણ (૭) નવાણ (૯) ધડકન (૧૧) કસ (૧૩) ગમન (૧૫) સાપ (૧૭) કેક (૧૯) સમ (૨૧) ચિત્તો (૨૨) વડ (૨૩) કરવત (૨૪) મટવો

***ઊભી ચાવી :-*** (૧) ભયાનક (૨) થાપણ (૩) રણ (૪) ચિત્તોડગઢ (૫) ગજાનન (૮) વાસણ (૧૦) કમ (૧૨) રાક્ષસોચિત્ત (૧૪) કસક (૧૬) પત્તો (૧૭) કેવટ (૧૮) કડવો (૨૦) મર

### યુવાન ભડથુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાઝીને ભડથુ થઈ પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. પરિવારજનોને ઘટનાની જાણ થતા સ્થળ પર આવી પહોંચ્યા હતા અને રેલવે સ્ટેશનમાં હૈયાફાટ રૂદનથી શોકનો માહોલ છવાઈ ગયો હતો. રેલવે પોલીસની જાણ થતા જમાદાર જસવંતસિંહ તેમની ટીમ સાથે આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પી.એમ. માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મૃતક યુવાનના પરિવારજનોએ દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ શરીરે ૯૦ ટકાથી પણ વધુ દાઝી ગયુ હોવાથી નિયત મુજબ મેડીકલ કોલેજ દેહદાન સ્વિકારી શક્યુ ન હતુ જેનાથી મૃતક યુવાનના પરિવારજનોને વધુ એક આઘાત લાગ્યો હતો.

### સ્વચ્છતા અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દાઓ આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. ગ્રામ વિકાસ એજન્સી દ્વારા લાયઝન ઓફિસરોની નિમણુંક કરવામાંઆવી છે.

આ સામુહિક સ્વચ્છતા અભિયાન નિર્મળ ગુજરાત અને ભારત અભિયાનની નબળી કામગીરીને લઈ હાથ ધરવામાં આવ્યું છે. સ્વચ્છતા અભિયાન દ્વારા જિલ્લાને નિર્મળ બનાવવાનું લક્ષ્યાંક તંત્ર દ્વારા રાખવામાં આવી રહ્યું છે એટલુ જ નહિ શૌચાલયોના નિર્માણ માટેની અરજીઓ મેળવી અને જિલ્લાના વધુ ને વધુ ગામોને આગામી વર્ષે નિર્મળ બનાવવાનું આયોજન છે.

### વાહનો સામે કાર્યવાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબર પ્લેટ ઉપલબ્ધ થતી નથી. પરંતુ આ વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવવા બાદ હાલ આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટનો ભરાવો થયો છે. નવા વાહનની નોંધણી બાદ વાહનમાલિકો નિયત સમયમાં નંબર પ્લેટ ફીટ કરાવવા ન મળતા હોવાથી આર.ટી.ઓ. તંત્રએ પણ હાલાકી વેઠવી પડે છે. હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફરજિયાત છે. ત્યારે નવા વાહનોમાં પણ નંબરો ચિતરાવવાની જૂની પ્રથા અપનાવતા વાહનચાલકો વિરૂદ્ધ હવે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરાશે.


**જાહેર નિવિદા**

માહિતી ખાતા હસ્તકના પ્રિન્ટરની ટોનર કાર્ટીજ રીફીલીંગ તથા ડ્રમ, બ્લેડ, સ્પન્જ, ચીપ વિ. ભાગોના ભાવકરાર કરવા માટે ટુ બીડ પદ્ધતિથી ટેન્ડર બહાર પાડવામાં આવે છે. જે માહિતી ખાતાની હિસાબી શાખા, બ્લોક નં. ૭, ત્રીજે માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી કામકાજના દિવસો દરમિયાન તા. ૪/૩/૧૪ સુધીમાં રૂ. ૫૦૦/- રોકડા ચૂકવેથી મળી શકશે.

માહિતી/૨૫૨૪/૧૩-૧૪ માહિતી કમિશનર

**ચિલ્ડ્રન યુનિવર્સિટી**
**સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર**
**વાહન હંકારનારની સેવા પુરી પાડવા અંગે**

અત્રેની કચેરીમાં વાહન હંકારનારની સેવા પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૩/૩/૨૦૧૪ સુધીમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા.૧/૩/૨૦૧૪ના રોજ ૪.૦૦ કલાકે કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીના તા. ૫/૩/૨૦૧૪ના રોજ સાંજે ૩.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. વધુ વિગતો વેબસાઈટ www.cugujarat.ac.in પરથી મળશે.

સ્થળ : ગાંધીનગર રજીસ્ટ્રાર
તારીખ : ૧૦/૨/૨૦૧૪ માહિતી/૨૫૨૧/૧૩-૧૪

**ટચૂકડી જાહેર ખબર**

**વેચવાનો છે**
ફ્લેટ 2 BHK, પૂર્વાભિમુખ, પ્રથમ માળ, અંકુર એપાર્ટમેન્ટ, વાવોલ
**મો. : ૯૫૧૦૬૦૮૪૦૦**

**વેચવાનો છે**
2 BHK ફ્લેટ, સ્વામિનારાયણ ધામ પાસે, સર્વિસ રોડ ટચ, ઉમિયા કોમ્પ્લેક્ષ, ગાંધીનગર-અમદાવાદ રોડ, કુડાસણ
**મો. : ૯૮૨૫૧ ૭૦૫૦૫**




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ